<u>વેચાણ દસ્તાવેજ</u>

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮(સોલા)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર-૧૮૬/૧ ની કુલ ૧૭૧૬ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે "ધ વિવન્તા" ના નામથી ઓળખાય છે તેમાં આવેલ .... ફ્લોરના ફ્લેટ નંબર ....ની આશરે .....ચોરસમીટર (કાર્પેટ એરીયા)........ચોરસમીટર બાલ્કની એરીયા તથા .... ચોરસમીટર વોશ એરીયા એમ મળીને કુલ્લે...........ચોરસમીટરના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂ...................../- અંકે રૂપિયા ....પુરાનો.

<u>એકતરફવાળા</u>:- વેચાણ આપનાર

"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડ"
(પાન નંબરઃ AAHCP 3617 Q)
કે જે કંપનીઝ એક્ટ સને ૧૯૫૬ અન્વયે રજીસ્ટર્ડ નંબર. U45210 GJ 2010 PTC 0764 થી નોંધાયેલ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે જેની રજીસ્ટર્ડ ઓફીસ-૨૦૧,૨૦૩,બીજો માળ,મૌર્ય આર્કેડ, સોલા ઓવરબ્રીજ પાસે, સાયન્સ સીટી રોડ,સોલા, અમદાવાદ મુકામે આવેલ છે.
તેના વતી અને તરફથી તેના ડિરેક્ટરઃ-
જીગર રામભાઇ પટેલ
પુખ્ત ઉંમરના, ધંધો-વેપાર,ધર્મે હિન્દુ,
રહેવાસી-ઇ/૪૧,ડિવાઇન હાઇલેન્ડ, સાયન્સસીટી રોડ,સોલા,અમદાવાદનાં.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો એકતરફવાળા અગર વેચાણ આપનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં એકતરફવાળા વેચાણ આપનાર કંપનીના હાલના તથા વખતોવખતના ડિરેકટરો,વહીવટકર્તાઓ, હોદ્દેદારો, સભ્યો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

<u>બીજીતરફવાળા</u> :- વેચાણ લેનાર

....
(પાન નંબરઃ ....)
(આધાર નંબર ....)
પુખ્ત ઉંમરના, ધંધો-નોકરી/વેપાર,ધર્મે હિન્દુ,
રહેવાસી : ....

....

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો બીજીતરફવાળા અગર વેચાણ લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે જે શબ્દના અર્થમાં તમો બીજીતરફવાળા વેચાણ લેનાર તથા તમારા વંશ,

વાલી,વારસો,સકસેસરો,એસાઈનીઓ,એક્ઝીક્યુટરો,એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

//જત//

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮(સોલા) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર-૧૮૬/૧ ની કુલ ૧૭૧૬ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે "ધ વિવન્તા" ના નામથી ઓળખાય છે તેમાં આવેલ .... ફ્લોરના ફ્લેટ નંબર ....ની આશરે .....ચોરસમીટર (કાર્પેટ એરીયા)........ચોરસમીટર બાલ્કની એરીયા તથા .... ચોરસમીટર વોશ એરીયા એમ મળીને કુલ્લે...........ચોરસમીટરના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકત અમો એકતરફવાળાની સંપુર્ણપણે સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની બોજારહીત મીલકત છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહુ મીલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે.

સર્વે નંબર-૧૮૬ ની કુલ ૨૭૨૩ ચોરસમીટર જમીનના માલિકો અને કબજેદારો તરીકે વિનોદચંદ્ર શાંતીલાલ,રજનીકાંત શાંતિલાલ,રમાબેન તે મણીલાલ બેચરદાસની વિધવા પત્ની, દિલીપકુમાર મણીલાલ, પ્રગ્નેશ મણીલાલ, વિરેન્દ્ર માણેકલાલ,ગજાનંદ માણેકલાલ તથા જયેશ માણેકલાલના સંયુક્ત નામો રેવન્યુ રેકર્ડમાં ચાલતા હતા.

ત્યારબાદ સર્વે નંબર-૧૮૬ ની કુલ ૨૭૨૩ ચોરસમીટર જમીન પૈકી ૧૭૧૬ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ફાળવવામાં આવેલ તથા તેનું ક્ષેત્રફળ ૧૦૩૦ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ.

ત્યારબાદ મહેરબાન,જીલ્લા કલેક્ટર સાહેબ,અમદાવાદનાં હુકમ નંબર-સીબી/ સી.ટી.એસ-૨/એન.એ/સોલા/બ્લોક/સર્વે નંબર-૧૮૬/એસ.આર-૧૧૯૫/૨૦૧૬ તારીખ-૧૫/૦૨/૨૦૧૭ ના રોજના હુકમના આધારે સર્વે નંબર ૧૮૬ ની કુલ ૨૭૨૩ ચોરસમીટર જમીન પૈકી ૧૭૧૬ ચોરસમીટર જમીનને

ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની ૧૦૩૦ ચોરસમીટર જમીનને રહેણાંકના હેતુ સારૂ બીનખેતીની મંજુરી આપવામાં આવેલ.જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૬૦૬૬ થી તારીખ-૨૦/૦૨/૨૦૧૭ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ વિનોદચંદ્ર શાંતીલાલ,રજનીકાંત શાંતિલાલ,રમાબેન તે મણીલાલ બેચરદાસની વિધવા પત્ની, દિલીપકુમાર મણીલાલ, પ્રગ્નેશ મણીલાલ, વિરેન્દ્ર માણેકલાલ,ગજાનંદ માણેકલાલ તથા જયેશ માણેકલાલે સદરહુ સર્વે નંબર-૧૮૬ ની કુલ ૨૭૨૩ ચોરસમીટર જમીન પૈકી ૧૭૧૬ ચોરસમીટર જમીનને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ની ૧૦૩૦ ચોરસમીટર જમીન "પરિશ્રમ બીલ્ડકોન"એ નામની ભાગીદારી પેઢીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ.આ વેચાણ દસ્તાવેજ મે.અમદાવાદ-૮(સોલા)ના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૭૦૮ થી તારીખ-૨૮/૦૨/ ૨૦૧૭ ના રોજથી નોંધાયેલ છે.જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર ૧૬૦૯૮ થી તારીખ-૦૮/૦૩/ ૨૦૧૭ ના રોજથી પડેલ છે.

ત્યારબાદ મે.ડી.આઈ.એલ.આર સાહેબ અમદાવાદનાં પુરવણી પત્રક નંબર-૧૬૫ તથા હુકમ નંબર-કેજેપી/એસઆર-૬૮૩ થી તારીખ-૧૪/૦૩/ ૨૦૧૮ના રોજથી સર્વે નંબર-૧૮૬ ની કુલ ૨૭૨૩ ચોરસમીટર જમીનની બે હિસ્સાઓમાં હિસ્સા દુરસ્તી કરવામાં આવેલ તે આધારે સર્વે નંબર-૧૮૬/૧ ની જમીનનું ક્ષેત્રફળ ૧૭૧૬ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ તથા તેના માલિક અને કબજેદાર તરીકે "પરિશ્રમ બીલ્ડકોન"એ નામની ભાગીદારી પેઢીનું સ્વતંત્ર નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ તથા સર્વે નંબર-૧૮૬/૨ની જમીન નું ક્ષેત્રફળ ૧૦૦૭ ચોરસમીટર નક્કી કરવામાં આવેલ.જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૬૭૨૪ થી તારીખ-૧૬/૦૩/૨૦૧૮ના રોજથી પડેલ છે. પરંતુ આ નોંધ સર્કલ ઓફિસર સોલા મારફતે રદ કરવામાં આવેલ.તે સામે સીટી ડેપ્યુટી કલેક્ટર(પશ્ચિમ)અમદાવાદની કોર્ટમાં વિવાદ અરજી દાખલ કરવામાં આવેલ અને તે અનુસંધાને કેસ ચાલી જતાં મહેરબાન સીટી ડેપ્યુટી કલેક્ટર (પશ્ચિમ)અમદાવાદના હુકમ નંબર-આરટીએસ/અપીલ/એસ.આર.૩૨૯/ ૨૦૧૮ થી તારીખ-૧૯/૦૭/૨૦૧૯ ના રોજના હુકમ આધારે વિવાદીની વિવાદ અરજી મંજુર કરવામાં આવેલ તથા રેવન્યુ રેકર્ડમાં પડેલ હિસ્સા દુરસ્તીની નોંધ

નંબર-૧૬૭૨૪ મંજુર કરવાનો હુકમ કરેલ.જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૭૭૮૩ થી તારીખ-૨૩/૦૭/૨૦૧૯ના રોજથી પડેલ છે.

ત્યારબાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કેસ નંબર-BLNTS/NWZ/241219/CGDCRV/A3137/R0/M1 તથા રજાચિઠ્ઠી નંબર-03092/241219/A3137/R0/M1 થી તારીખ-૧૭/૦૨/૨૦૨૦ ના રોજથી સદરહુ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ની ૧૦૩૦ ચોરસમીટર જમીનમાં રહેણાંકના હેતુનું બાંધકામ કરવા સારું પ્લાન મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ "પરિશ્રમ બીલ્ડકોન"એ નામની ભાગીદારી પેઢી પાસેથી સદરહુ સર્વે નંબર-૧૮૬/૧ની કુલ ૧૭૧૬ ચોરસમીટર જમીનને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ની ૧૦૩૦ ચોરસમીટર બીનખેતીની જમીન અમો એકતરફવાળા"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડે"રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ.આ વેચાણ દસ્તાવેજ મે.અમદાવાદ-૮ (સોલા)ના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૭૨૯૨ થી તારીખ-૨૪/૦૭/૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે.જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નંબર-૧૮૩૬૮ થી તારીખ-૨૭/૦૭/૨૦૨૦ ના રોજથી પડેલ છે.

આમ ઉપરોક્ત હકીકતના આધારે સર્વે નંબર-૧૮૬/૧ ની કુલ ૧૭૧૬ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીનના અમો એકતરફવાળા સ્વતંત્ર માલીક અને કબજેદાર બનેલા છીએ.

ત્યારબાદ અમો એકતરફવાળાએ સદરહુ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીનમાં પાસ થયેલ પ્લાનને આધીન "ધ વિવન્તા"ના નામથી ફ્લેટોની સ્કીમ મુકેલ છે.

અમો વેચાણ આપનારે/પ્રમોટરે ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ-૨૦૧૬ ની જોગવાઈઓ હેઠળ સદર પરિયોજનાની નોંધણી રીયલ એસ્ટેટ સંબધી નિયમનકારી સત્તામંડળ, સમક્ષ કરેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર- ....છે.

તમો બીજીતરફવાળાના કહેવાથી સદરહુ મીલક્તનો આ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને કરી આપેલ છે પરંતુ સદરહુ

મીલકતનો વપરાશ તમો બીજીતરફવાળાએ બી.યુ.પરમીશન આવી ગયા બાદ કરવાનો રહેશે.

નીચે પરીશીષ્ટમાં જણાવેલ સદરહુ મીલકત અમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને કુલ રૂ.........................../-અંકે રૂપિયા..................... પુરામાં વેચાણ આપવાનું નક્કી કરેલું છે. તે મુજબ આજરોજ તમારી પાસેથી નીચેની વીગતે સદરહુ મીલકતની વેચાણ કિંમત સ્વીકારી અમો આ વેચાણ દસ્તાવેજથી સદરહુ મીલકત તમોને કુલ અભરામ નદાવે અઘાટ વેચાણ આપીએ છીએ તથા સદરહુ મીલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો એકતરફ વાળાએ તમો બીજીતરફવાળાને સોંપેલ છે.જે તમો બીજીતરફવાળાએ જોઈ, તપાસીને,સંભાળી લીધેલ છે.

સદરહુ મીલકતના વેચાણ અવેજની કિંમતના નાણાં તમો બીજીતરફ વાળાએ અમો એકતરફવાળાને નીચે જણાવ્યા મુજબની વીગતે ચુકવેલા છે.

// અવેજની વિગત //

રૂ..................../-	અંકે રૂપિયા .... પુરા ....બેંક લીમીટેડ ....શાખા અમદાવાદનાં ચેક નંબર ....થી તારીખ .... ના રોજથી ચુકવી આપેલ છે.
રૂ..................../-	અંકે રૂપિયા .... પુરા

એ રીતેના કુલ વેચાણ અવેજના રૂ........................./- અંકે રૂપિયા ....પુરા તમો બીજીતરફવાળાએ અમો એકતરફવાળાને ચુકવ્યા છે જે અમોને પહોંચ્યા છે અને તમો બીજીતરફવાળાને તેની જવાબદારી માંથી મુક્ત કરીએ છીએ અને તેના અવેજમાં સદરહુ મીલકત જે નીચે પરીશીષ્ટ માં વિગતવાર વર્ણવેલી છે તથા ઈઝમેન્ટથી પ્રાપ્ત થયેલા હક્કો, કોમન ટેરેસ તથા તમામ કોમન સુવીધાઓમાંના વગર વહેંચાયેલા વપરાશી હક્કો તથા કોમન પાર્કીંગ, માર્જીનની જગ્યા તથા પાણીનો બોર વીગેરેના વપરાશી હક્કો તથા મજકુર મીલકતમાંના હરેક પ્રકારના હક્ક, હીસ્સા, અલાખા, ઉપયોગ ઈત્યાદી

સહીત વેચાણ આપનારે વેચાણ લેનારને વેચાણ આપેલ છે. અને સદરહુ મીલકતનો આજરોજ પ્રત્યક્ષ કબજો અમોએ તમોને સોંપી દીધેલો છે.

સદરહુ ફ્લેટ નંબર -............ વાળી મીલકત બીજીતરફવાળાને એલોટ કરવા અંગેનો એક બાનાખતનો કરાર તારીખ .... ના રોજ અનુક્રમ નંબર ....થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે તેની તમામ શરતોનું બંને પક્ષકારોએ પાલન કરેલ છે ભવિષ્યમાં પણ અમલી રહેશે.

સદરહુ સ્કીમમાં જવા-આવવાના રસ્તાઓ, કોમન સુવીધાઓ, કોમન પાર્કીંગ, પાણીનો બોર, લીફ્ટ, પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ, પાણીની પાઈપલાઈન, ગટર, સુએઝ, ઈલેકટ્રીક લાઈન, ટી.વી. લાઈન, ગેસની લાઈન, ટેલીફોન લાઈન વીગેરે લાવવા-લઈ જવાની વ્યવસ્થા, કોમન લાઈટો, કોમન પાર્કીંગ વીગેરે તમામ કોમન સુવિધાઓ વાપરવાનો હક્ક તથા સ્કીમની અન્ય સહવપરાશની વસ્તુઓમાં વગર વહેંચાયેલ વરાડે પડતા વપરાશી હક્ક સહીતની સદરહુ મીલક્ત આ વેચાણ દસ્તાવેજથી અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને વેચાણ આપેલ છે. તથા સદરહુ સ્કીમના કોમન ટેરેસમાં તમો બીજીતરફવાળાનો તથા સ્કીમના અન્ય સભ્યોનો કાયમી વપરાશી હક્ક રહેશે.

સદરહુ સ્કીમના પ્લાન, એન.એ.,ટાઈટલ્સ વીગેરે તમામ લીગલ ડોક્યુમેન્ટોની તમો બીજીતરફવાળાએ તમારા એડવોકેટ મારફતે ચકાસણી કરાવેલ છે. અને સ્કીમના તમામ લીગલ ડોક્યુમેન્ટોમાં તમો બીજીતરફવાળાને પુરતો સંતોષ થયા બાદ સદરહુ મીલકત તમો બીજીતરફવાળાએ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ મીલકતની સ્થળ, સ્થિતી, બાંધકામની ગુણવત્તા તથા બાંધકામ ના માપતાલની તમો બીજીતરફવાળાએ સંપુર્ણ ચકાસણી કરી લીધેલ છે તથા બાંધકામની ગુણવત્તા, બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ તથા બાંધકામની સ્થળ, સ્થિતિમાં તથા માપતાલમાં તમો બીજીતરફવાળાને કોઈ વાંધો કે તકરાર નથી તથા સદરહુ મીલકતની તમો બીજીતરફવાળાએ માપણી કરેલ છે અને કારપેટ એરીયાના માપની ગણતરી સમજીને તમો બીજીતરફવાળાએ સદરહુ મીલકત આજરોજ આ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે.

સદરહુ સ્કીમમાં આવેલ આંતરીક રોડ, રસ્તા તથા કોમન વપરાશની કુલ જમીનમાં તમારો અન્ય સભાસદો સાથે સામુહીક રીતે વાપરવાનો હક્ક છે,

આંતરીક રોડ, રસ્તા તથા કોમન વપરાશની જમીનની કકડાવાર વહેંચણી કરવાનો તમોને હક્ક નથી તથા આંતરીક રોડ, રસ્તા તથા કોમન વપરાશની જમીનમાં તમો બીજીતરફવાળાએ કોઈપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરવાનું નથી.

સદરહુ સ્કીમના મેઈન્ટેનન્સ તથા વહીવટ સારુ તમામ સભ્યોએ ભેગા મળીને સર્વિસ સોસાયટીની રચના કરવાની રહેશે અને સદરહુ સર્વિસ સોસાયટીના સભ્ય થવું તમો તથા દરેક સભ્યો માટે ફરજીયાત છે તથા સર્વિસ સોસાયટીના ઠરાવો, ધારાધોરણો, નીતિ-નિયમો, સુચનો વીગેરેનું પાલન કરવું તમામ સભ્યોએ ફરજીયાત છે. તથા સોસાયટીના નીભાવ તથા વહીવટીખર્ચ સારું જે રકમ નક્કી કરવામાં આવે તે રકમ નીયત સમય મર્યાદામાં તમોએ આપવી ફરજીયાત છે. જો તેમ કરવામાં તમો કસુર કરો તો સર્વિસ સોસાયટીના હોદ્દેદારો તમારી પાસે તેવી મેઈન્ટેનન્સની રકમ વસુલ કરવા હક્કદાર રહેશે.

સદરહુ મીલકતમાં કે સદરહુ સમગ્ર યોજનાના કોઈપણ ભાગમાં અન્ય સભ્યોને કે આજુબાજુની સોસાયટીમાં રહેતા લોકોને ન્યુસન્સ કે એનોયન્સ થાય તેવી કોઈ પ્રવૃતી તમો બીજીતરફવાળાએ કરવાની રહેશે નહી. સદરહુ મીલકત અમો એકતરફવાળાએ તમો વેચાણ લેનારને ફક્ત રહેણાંકના હેતુ સારું જ વેચાણ આપેલ હોવાથી તે સીવાય સદરહુ મીલકતનો તમો વેચાણ લેનારે અન્ય હેતુ માટે ઉપયોગ કરવાનો રહેશે નહીં તમો વેચાણ લેનારે સદરહુ મીલકતનો વ્યાપારીક, ધાર્મિક, ઔધોગિક કે વ્યાવસાયીક રીતે શૈક્ષણિક જેવો અન્ય રીતે ઉપયોગ કરવાનો રહેશે નહીં.

સદરહુ મીલકતના તમો બીજીતરફવાળા સંપુર્ણ માલિક કબજેદાર થયેલ હોઈ તેથી સદરહુ મીલકતના વપરાશ-ઉપયોગ બાબતે યોગ્ય ધ્યાન આપવામાં ન આવે તેવા સમયે સદરહુ મીલકતને કે તેના આંશિક ભાગને નુકશાન થવા સંભવ છે જેવા કે સંડાસ, બાથરૂમ, કીચન, વોશ બેઝીનમાં એસીડ, કેમીકલ અને ગરમ પાણીનો ઉપયોગ કરવાના કારણે તેમજ બારી દરવાજાઓ, જાળી, ચકલા વીગેરેના અયોગ્ય અને બીનઆવડત ભર્યા વપરાશના કારણે તેના સ્ક્રુ, નટ, બોલ્ટ, વાઇસર, પેકીંગ ઢીલા કે બગડી શકે છે તેમજ કોમન લીફ્ટનો યોગ્ય અને જાણકાર વ્યક્તિ સીવાયના અણઆવડતભર્યા ઉપયોગના કારણે બગડી જવા કે અકસ્માત થવા સંભવ છે જેથી તમોએ આવી મુળભુત બાબતોની જાણકારી

રાખીને પોતાની મીલકતનો અને કોમન સુવિધાઓનો વપરાશ ઉપયોગ કરવાનો રહેશે અન્યથા આવી સામાન્ય અને વપરાશી ભુલના કારણે ઉદ્દભવતા પ્રશ્નો બાબતે એકતરફવાળા જવાબદાર રહેશે નહીં અને તેવા તમામ ઉદ્દભવતા પ્રશ્નોના ખર્ચ અને જોખમની જવાબદારી તમો બીજીતરફવાળાની ગણાશે.

બીજીતરફવાળા તથા સ્કીમના અન્ય તમામ સભ્યો મારફતે તેઓના ફલેટમાં લગાવવામાં આવનાર તમામ એસીના આઉટડોર એકતરફવાળા દ્વારા નક્કી કરવામાં આવેલ જગ્યાએ જ લગાવવાના રહેશે નહીં.તે સિવાય અન્ય કોઈપણ જગ્યાએ એસીના આઉટડોર બીજીતરફવાળાએ લગાવવાના રહેશે નહીં. તેમાં તમો બીજીતરફવાળા કે સ્કીમના અન્ય કોઈપણ સભ્યોએ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કરવાના રહેશે નહીં.

સદરહુ સ્કીમમાં ઉપયોગમાં લેવામાં આવતુ બાંધકામ માટેનું મટીરીયલ્સ જેવુ કે ઈંટો, રેતી, સીમેન્ટ, ગ્રીટ-કપચી, લોખંડના સળિયા, પાઇપ, લાકડું, ફ્લોર તથા બાથરૂમ ટાઇલ્સ, એલ્યુમીનયમ સેકશન, હાર્ડવેર, કાચ, પ્લમ્બિંગ મટીરીયલ્સ, સેનેટરીવેર, કલર વીગેરે તથા યાત્રિક સાધનો જેવા કે લીફ્ટ, બોર, મોટર, ઇલેકટ્રીક કેબલ, અન્ય કેબલ, લાઇટ ફીટીગ્સ ઈત્યાદી તમામ અમો એકતરફવાળા દ્વારા સારી કંપનીના તથા સારી ગુણવત્તાના નાખેલ છે તેથી આવા કોઈપણ મટીરીયલ્સ/યંત્રને થતું નુકશાન કે તેના લીધે થતો અકસ્માત તે અમો એકતરફવાળા દ્વારા કરવામાં આવતું નુકશાન કે અકસ્માત નથી તેથી તે અંગે ભવિષ્યમાં અમો એકતરફવાળાની સામે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર કે ફરીયાદ કરી શકાશે નહીં. જે અંગે તમો બીજીતરફવાળા અમો એકતરફવાળાને પાકી ખાત્રી અને બાહેંધરી આપો છો.

તમો બીજીતરફવાળા દ્વારા સદરહુ બીલ્ડીંગના કોઈપણ ભાગમાં ચીઝલિંગ વાઇબ્રેટિંગ, ડ્રીલિંગ, કોર કટીંગ કે અન્ય કોઈપણ રીતે ફેરફાર કરવામાં આવે કે કોઈપણ પ્રકારનો તોડફોડ કરવામાં આવે તો આવા ફેરફાર કે તોડફોડના કારણે બીલ્ડીંગ કે તેનો કોઈ ભાગ તુટી જાય કે બીલ્ડીંગના કોઈ ભાગનું સ્ટ્રક્ચર નબળું પડી જાય અને તેના કારણે કોઈ અકસ્માત કે જાનહાની થાય તો તેના માટે એકતરફવાળાને જવાબદાર ઠેરવી શકશે નહીં અને તે બાબતે એકતરફવાળા આવી ખામી કે નુકશાનને રીપેર કરવા જવાબદાર ગણાશે નહીં.

સદરહુ સ્કીમમાં ફાયર સેફ્ટીના હેતુ સારું ફાયર સેફ્ટી ઇક્વીપમેન્ટસ લગાવવામાં આવેલા છે. જે યોગ્ય અને ચાલુ હાલતમાં છે. તેની તમો બીજીતરફ વાળા વેચાણ લેનારે સંપુર્ણ ખાત્રી કરી લીધેલ છે અને તેમાં તમો વેચાણ લેનારને સંપુર્ણ સંતોષ છે. સદરહુ ફાયર સેફટી ઇક્વીપમેન્ટસનું નીયમીત રીતે મેઈન્ટેનન્સ તમો વેચાણ લેનારે અન્ય સભાસદોની સાથે સહીયારી રીતે કરવાનું છે. ભવિષ્યમાં કોઈ દુર્ઘટનાના પ્રસંગે તેવા કોઈ ઇક્વીપમેન્ટસ કામ ન કરતાં જણાય તો તે અંગે તમો વેચાણ લેનાર તથા અન્ય સભાસદો અમો એકતરફવાળા વેચાણ આપનારને જવાબદાર ઠેરવી શકશો નહી અને લગાવેલ ઇક્વીપમેન્ટસનું સ્કીમના તમામ સભાસદોએ રેગ્યુલર રીતે મેઈન્ટેનન્સ કરાવવાનું છે અને રહેશે.

ક્ષતિ સુધારો :- તમો બીજીતરફવાળા લખાવી લેનારને સદરહુ મીલકતનો કબજો સુપ્રત કર્યાના વર્ષ-૫ (પાંચ વર્ષ) ના સમયગાળા દરમિયાન સદરહુ મીલકતમાં કોઈ સ્ટ્રકચરલ ઉણપ અંગેની કોઈ ખામી અમો એકતરફવાળા લખી આપનારના ધ્યાને લાવો અને તે ખામી તમો બીજીતરફવાળાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો અમો એકતરફવાળાએ શક્ય હોય ત્યાં સુધી આવી માત્ર સ્ટ્રકચરલ ખામી તેમના પોતાના ખર્ચે દુર કરી આપવાની રહેશે પરંતુ તે અનુસંધાને તમો બીજીતરફવાળાની અન્ય કોઈ માલ મીલકત, ફર્નીચર, કલર, યંત્ર, ઇલેક્ટ્રોનિક્સ સામાન કે ફીનીશીંગ મટીરીયલને નુકસાન થયેલ હોય તે રીપેર કરાવવાની કે વળતર આપવાની જવાબદારી એકતરફવાળાની રહેશે નહી.

સદરહુ મીલકતને ધરતીકંપ, વાવાઝોડું, કોમી રમખાણો, કુદરતી આફતોથી કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની તમામ જવાબદારી તમો બીજીતરફવાળા વેચાણ લેનારની રહેશે તેમાં અમો એકતરફવાળાની કોઈ જવાબદારી રહેશે નહી તમો બીજીતરફવાળાએ સદરહુ મીલકતની જાળવણી તેમજ સાચવણી કરવા સારૂ ઈન્સ્યોરન્સ લેવાનો રહેશે.

સદરહુ મીલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવેલ છે. તેથી તમો બીજીતરફવાળાએ બાંધકામમાં કોઈ ફેરફાર કરવાનો નથી તથા સ્કીમના બહારના એલીવેશનમાં, કલરમાં, સ્ટ્રક્ચરમાં અંદરથી કે બહારથી, કોઈપણ વધારાના શેડ, બાલ્કનીના કવર કે અન્ય ફેરફાર તમો બીજીતરફ વાળાએ કરવાના નથી. ટુંકમાં સદરહુ સ્કીમનું એલીવેશન બગડે તેવા કોઈપણ કાર્યો તમો બીજીતરફવાળાએ કરવાના રહેશે નહીં.

સદરહુ મીલકતમાં તમો બીજીતરફવાળા અંદરથી કે બહારથી કોઈપણ જાતનું રીનોવેશન કે તોડફોડ કરો ત્યારે તેનાથી સદરહુ બીલ્ડિંગ કે આજુબાજુના ફ્લેટમાં થતાં નુકશાનની સંપુર્ણ જવાબદારી તમો બીજીતરફવાળાની રહેશે. વધુમાં સદરહુ મીલકતની અંદરની કે બહારની દીવાલમાં કોઈપણ પ્રકારની જાળી કે શેડ તમો બીજીતરફવાળાએ લગાવવાના રહેશે નહીં.

સદરહુ સ્કીમનું બાંધકામ પરીપુર્ણ થઈ ગયા બાદ બી.યુ.પરમીશન આવ્યા પછી વપરાયા વગરની એફ.એસ.આઇ કે ધાબાના હક્કો માટે અમો એકતરફ વાળાએ કોઈ દાવો કરવાનો રહેશે નહી. આવા તમામ હક્કો સ્કીમના નવા સભ્યોના સહીયારા રહેશે.

હવેથી મજકુર પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત વેચાણ લેનાર ચાંદો, સુરજ તપે ત્યાં સુધીના માટે ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, ગીરો, બક્ષીસ આપે યા તમારું દિલ ચાહે તેમ કરવા હક્કદાર છો. તેમજ સદરહુ મીલકતમાંથી જે કાંઈ રીધ્ધી સીધ્ધી ઉપલબ્ધ થાય તે વેચાણ લેનારનાં નસીબનું છે અને તેમાં વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતોવખતના વહીવટકર્તાઓ, ભાગીદારો, હોદ્દેદારો, સભ્યો ઈત્યાદી તમામનો કોઈ હક્ક, દાવો, હીસ્સો નથી.

સદરહુ મીલકતનાં અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ, સરકારી, અર્ધસરકારી જેવા કે ગવર્નમેન્ટ ટેક્ષ, પંચાયત વેરો, લાઈટબીલ વીગેરે તમામ વેચાણ આપનારે ભર્યા છે. હવે પછીનાં (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના) આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ વેચાણ રાખનારે ભરવાના છે.

વેચાણ આપનાર વેચાણ લેનારને આથી વધુમાં ખાત્રી અને બાંહેધરી આપે છે કે, નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત અંગેના અમારા રાઈટસ ટાઈટલ્સ, ઈન્ટરેસ્ટ ચોખ્ખા અને માર્કેટેબલ છે તથા તેનો કોઈપણ ભાગ આ અગાઉ અન્ય કોઈને ગીરો, વેચાણ, બક્ષિસ, કરાર, ગેરન્ટી, સ્યોરીટી, બાનાખત, બાનાચીઠ્ઠી કે ઈતર પ્રકારે લખી આપેલો કે એસાઈન કરેલા નથી. તેમજ બીજી કોઈ રીતે ટ્રાન્સફર કરેલ નથી. તેમજ સદરહુ મીલકત અગર તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો લેણાનો કે કોઈપણ પ્રકારનો બોજો કે ચાર્જ નથી તેમજ સદરહુ મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, હીત, હીસ્સો કે અલાખો નથી.

સદરહુ મીલકતના વેચાણ દસ્તાવેજ બાદ તમો બીજીતરફવાળાના નામે તમારા ખર્ચે રેવન્યુ એન્ટ્રી પડાવવા સારૂ અમો એકતરફવાળાની જ્યાં જ્યાં

સહીઓની જરૂરીયાત ઉભી થાય ત્યાં ત્યાં અમો એકતરફવાળાએ અમારી સહીઓ કરી આપવાની રહેશે.

આ વેચાણ દસ્તાવેજ અંગે બંને પક્ષકાર વચ્ચે મતભેદ કે તકરાર ઉપસ્થિત થાય તો તેનું નીરાકરણ બંને પક્ષકારોએ વાટાઘાટોથી કરવાનું રહેશે તેમ છતાં જો નીરાકરણ ન આવે તો જે તે પક્ષકાર રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ તથા નીયમોને આધીન સ્થાયેલ ધી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી અગર સક્ષમ અધિકારી અગર એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા લાવવાનું રહેશે.

આ વેચાણ દસ્તાવેજમાં ધી રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ ના કાયદાના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) જનરલના કાયદા અન્વયેના અધિનીયમની જોગવાહીઓ આધીન કોઈપણ શરત કે હકીકતનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોય અને તે ધ્યાન ઉપર આવે ત્યારે પક્ષકારોએ કોઈપણ પ્રકારની તકરાર કે વાદ-વિવાદ સીવાય તે મુજબનો સુધારો કરીને આ વેચાણ દસ્તાવેજ વાંચવાનો, સમજવાનો તેમજ ગણવાનો છે અને રહેશે.

આ વેચાણ દસ્તાવેજની કોઈપણ જોગવાઈઓ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ધડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવામાં અથવા બીનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

અમો એકતરફવાળાએ તમો બીજીતરફવાળાને આજરોજ સદરહુ મીલકત અંગેના લગતા તમામ કાગળો જેવા કે અસલ વેચાણ દસ્તાવેજ, ઇન્ડેક્ષ, ૭/૧૨, બીનખેતીના હુકમની નકલ, પ્લાન, બાંધકામની રજાચિઠ્ઠી વીગેરે તમામની ઝેરોક્ષની નકલો સોંપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ખર્ચ તથા પરચુરણ ખર્ચ વીગેરે તમો બીજીતરફવાળાએ ભોગવેલ છે.

// પરીશીષ્ટ //

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮(સોલા) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર-૧૮૬/૧ ની કુલ ૧૭૧૬ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે "ધ વિવન્તા" ના નામથી ઓળખાય છે તેમાં આવેલ .... ફ્લોરના ફ્લેટ નંબર ....ની આશરે .....ચોરસમીટર (કાર્પેટ એરીયા)........ચોરસમીટર બાલ્કની એરીયા તથા .... ચોરસમીટર વોશ એરીયા એમ મળીને કુલ્લે...........ચોરસમીટરના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકત તથા તેને ફાળે આવતી વગર વહેચાયેલ .... ચોરસમીટર જમીન સહીતની મીલકત જેના ખુંટચારની વીગત નીચે મુજબ છે.

પુર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષીણે :-

એ રીતે ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળાએ અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશિયારીથી વાંચી, સમજી, વીચારીને તંદુરસ્ત હાલતમાં, સભાન અવસ્થામાં લખી આપેલ છે જે અમો એકતરફવાળા કંપનીના હાલના તથા વખતોવખતના ડિરેકટરો,વહીવટકર્તાઓ, હોદ્દેદારો, સભ્યો વીગેરે તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તે સહી છે.

આજ તારીખ , માહે,સપ્ટેમ્બર,સને ૨૦૨૦ ના દિને.

<u>એકતરફવાળા-વેચાણ આપનાર :-</u>

"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડ"
એ નામની કંપનીના વતી અને તરફથી
તેના ડિરેકટર:-જીગર રામભાઇ પટેલ ....

એમણે તેમની સહીઓ નીચે સહી
કરનાર બે સાક્ષીઓ રૂબરૂ કરી છે.

(૧) ....

(૨) ....

<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ-૩૨(એ) મુજબનું પરિશિષ્ટ</u>

<u>એકતરફવાળા - વેચાણ આપનારની સહી તથા ફોટો</u>

"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડ"
એ નામની કંપનીના વતી અને તરફથી
તેના ડિરેકટરઃ-જીગર રામભાઇ પટેલ

....

<u>બીજીતરફવાળા - વેચાણ લેનારની સહી તથા ફોટો</u>

....

....

//મીલકતની વિગત //

ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર-૧૮૬/૧ ની કુલ ૧૭૧૬ ચોરસ મીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫૬(સોલા-ગોતા-ઓગણજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઇનલ પ્લોટ નંબર-૧૧૧ ની કુલ ૧૦૩૦ ચોરસ મીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સ્કીમ કે જે "ધ વિવન્તા"ના નામથી ઓળખાય છે તેમાં આવેલ ....ફ્લોરના ફ્લેટ નંબર ....ની આશરે .....ચોરસમીટર (કાર્પેટ એરીયા) ....ચોરસમીટર બાલ્કની એરીયા તથા .... ચોરસમીટર વોશ એરીયા એમ મળીને કુલ્લે...........ચોરસમીટરના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલકત.

<u>વેચાણ આપનારનું નામ :-</u>

"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડ"
એ નામની કંપનીના વતી અને તરફથી
તેના ડિરેકટર:-જીગર રામભાઇ પટેલ ....

<u>વેચાણ લેનારનાં નામ :-</u>

....

દસ્તાવેજ નંબર ....   તારીખ...................

પરીશીષ્ટ

નોંધણી અધિનિયમ -૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો

અનુ.	પ્રશ્ન	જવાબ (હા/ના)
૧.	લેખમાં દર્શાવ્યા મુજબ ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર-૧૮૬/૧ની જમીનનો ટી.પી.સ્કીમ નંબર- ૫૬ માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નંબર-૧૧૦ ની બીનખેતીની ઉપર બંધાયેલ "ધ વિવન્તા" નામની સ્કીમના ફલેટના વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ?	
૨.	લેખમાં દર્શાવ્યા મુજબ ફલેટ નંબર-........ની ....ચોરસમીટર (કાર્પેટ એરીયા)ના ક્ષેત્રફળની બાંધકામવાળી મીલક્ત માટે લેખ કરી આપેલ છે ?	
૩.	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે.?	
૪.	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	
૫.	પાવર ઓફ એર્ટની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ?	
૬.	પાવર ઓફ એર્ટનીના લેખમાં પાવર ઓફ એર્ટની આપનાર વ્યક્તિઓએ સહી / અંગુઠાનું નીશાન કરેલ છે ?	
૭.	પાવર ઓફ એર્ટનીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ?	
૮.	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો?	

ઓળખાણ આપનારને પૂછવાના પ્રશ્નો ?

૧.	દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	
૨.	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિ/ઓ એકજ છે?	
૩.	કોઈ વ્યક્તિએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?	

વેચાણ આપનારનું નામ :-

"પરિશ્રમ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લીમીટેડ"

એ નામની કંપનીના વતી અને તરફથી

તેના ડિરેકટર:-જીગર રામભાઇ પટેલ ....

<u>સાક્ષીઓ :-</u>

....

....